EDII

Sandesh (Suppl.: Citylife)

November 29, 2020
Page No.07

કોરોના વોરિયર્સ માટે ઈનોવેટિવ ફેસ શિલ્ડ અને માસ્ક બનાવ્યા

# EDIIની સ્ટુડન્ટને શી ધ પીપલ એવોર્ડનું સન્માન



સિટી લાઈફ ▸▸ EDIIની સ્ટુડન્ટ હેતિકા શાહે શી ધ પીપલ એવોર્ડ મેળવ્યો છે. હેતિકાએ કોવિડ વોરિયર્સ માટે ઈનોવેટિવ અને આધુનિક ફેસ શિલ્ડ અને માસ્ક બનાવ્યા હતા જે અંતર્ગત કોવિડ ઈમ્પેક્ટ કેટેગરી અંતર્ગત શી ધ પીપલ એવોર્ડનું સન્માન મળ્યું હતું. ઈડીઆઈઆઈ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ - આંત્રપ્રિન્યોરશિપ (PGDM-E) ના બીજા વર્ષમાં અભ્યાસ કરતી હેતિકા શાહએ પોતાની એન્ટરપ્રાઈઝ ૪Sશિલ્ડ કોરોના વોરિયર્સ માટે માસ્ક અને શિલ્ડ બનાવ્યા છે. ૪Sશિલ્ડ નેનોફાઈબર આધારિત વાયરસ પ્રોટેક્ટિવ સસ્ટેઈનેબલ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે. હેતિકાના જણાવ્યા મુજબ આ ભારતમાં પ્રથમ કંપની છે જેણે અત્યાર સુધી તમામ સેન્સરી ઓર્ગન્સ એટલે ૯૬% અંગોને સૌથી વધુ સુરક્ષા પૂરી પાડી છે.